RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૫

નવેમ્બર - ૨૦૧૬

કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



''ચાલ સંબંધના દીપકને ઝળહળવા દઈએ

અંધારાને થોડું થોડું વહેંચીને પી લઈએ

થોડી સમજણ તારી હો, ને થોડી થોડી મારી

કોણ ખરું, ને કોણ છે ખોટું ? દઈએ વાત વિસારી

ગેરસમજનાં અંધારાને  ભોંયમાં દાટી દઈએ

ચાલ સંબંધના દીપકને ઝળહળવા દઈએ.''



## નૂતન વર્ષાભિનંદન



# વિક્રમ સંવતના નવા વર્ષના આરંભે.....

**જય જલારામ...** **જય રઘુવંશ...** **જય મહાપરિષદ...**

પરમ પ્રિય જ્ઞાતિ બંધુ - ભગિનિઓ....
સૌને નૂતન વર્ષાભિનંદન...

વિક્રમ સંવતનું વધુ એક વર્ષ પૂર્ણ થયું છે અને આપણે ૨૦૭૩ના વર્ષમાં પદાર્પણ કર્યું છે. વિતેલા ૨૦૭૨ના વર્ષનું વિહંગાવલોકન અને નૂતન વર્ષના નવા સંકલ્પો સાથે આપણે આગળ વધવાનું છે. માતૃસંસ્થાની પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટો અને અવિરત કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે સરી ગયેલા સમયનો સરવાળો એક વર્ષના કાલખંડ થઈ ગયો તેનો અહેસાસ દિપોત્સવીના દીપ પર્વના આગમન સાથે જ થયો. આપણા સમાજ અને સંસ્કૃતિની પરંપરા પ્રમાણે લક્ષ્મી પૂજન, આતશબાજી અને ઊંડા અંધારેથી પરમ તેજે લઈ જતા દીપના પ્રાગટ્ય સાથે સૌએ દિપોત્સવી પર્વ મનાવ્યું. નૂતન વર્ષ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ, ભાઈબિજ જેવા ઉત્સવો પછી લાભ પાંચમથી આપણે નવા વર્ષના કામકાજનો આરંભ કરીએ છીએ. લાભ પાંચમનો બીજો આયામ જ્ઞાન પંચમીનો પણ છે. ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના જે યુગમાં આપણે જીવી રહ્યા છીએ તેમાં જ્ઞાનની મહત્તા અનોખી છે. એ જ રીતે રઘુવંશી લોહાણા સમાજના સંગઠન અને સેવાના જે કાર્યમાં આપણે પ્રવૃત્ત છીએ તેમાં પણ સમાજને સ્પર્શતા વિવિધ વિષયોનું જ્ઞાન અને માહિતી આપણા કાર્યને સરળ બનાવે છે અને તેને નવી ઊંચાઈએ લઈ જાય છે. જ્ઞાનની સાથે વિવેક અને શાણપણ એટલા જ જરૂરી છે. અન્યથા જ્ઞાનનો અહંકાર આવી જાય છે, સંગઠનના કામ સાથે જોડાયેલા લોકોએ અહંકારથી દૂર રહેવું જોઈએ.

વિક્રમ સંવતનું વિતેલું વર્ષ રઘુવંશી લોહાણા સમાજ અને શ્રી લોહાણા મહાપરિષદના કાર્યની દૃષ્ટિએ એક માઈલ સ્ટોન, એક સિમાચિન્હ બની રહ્યું છે. સ્મરણપટ પર વિતેલા વર્ષના કાલખંડ પર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે અસંખ્ય ઘટનાઓ, પ્રવૃત્તિઓ અને પ્રસંગો તાદૃશ થાય છે. આપણે બધા તેનાથી પરિચિત છીએ અને ગૌરવાન્વિત પણ છીએ એટલે એ બધાના ઉલ્લેખની પુનરાવૃત્તિ કરવાનું ટાળું છું.

કારતક સુદ સાતમના દિવસે આપણા પ્રેરણાસ્રોત પૂજ્ય શ્રી જલારામ બાપાની જન્મજયંતિ રઘુવંશી સમાજે દેશ અને દુનિયામાં ઉત્સાહભેર મનાવી. મહાપરિષદના સંગઠન અને સેવાના કાર્યમાં પૂ. શ્રી જલારામબાપાની અહર્નિશ કૃપા અને આશીર્વાદ આપણી સાથે છે તેનો અહેસાસ મારા સહિત મહાપરિષદના તમામ હોદ્દેદારો, કાર્યકરોને થતો રહ્યો છે. ઘણી વખત તો એવું પણ અનુભવાય છે કે આપણે તો માત્ર નિમિત્ત છીએ. આપણા માધ્યમથી પૂ. શ્રી જલાબાપા જ કાર્ય કરે છે અને કરાવે છે આ અનુભૂતિ જ આપણને સૌને સતત કાર્યરત રાખે છે. આપણા જોમ અને જુસ્સાને ટકાવી રાખે છે. પૂ. જલાબાપાના સ્મરણ સાથે જ આપણે બધા કાર્યોનો આરંભ કરીએ છીએ.

વિક્રમ સંવતના આ નૂતન વર્ષમાં ઘર, પરિવાર અને વ્યવસાય માટે આપણે કોઈને કોઈ સંકલ્પ કર્યા હશે, કોઈ લક્ષ્ય નક્કી કર્યા હશે અને ત્યાં સુધી પહોંચવા માટેના આયોજનો પણ વિચાર્યા હશે. એ જ રીતે આગામી વર્ષમાં આપણે સૌ રઘુવંશીઓ આપણા સમાજના સંગઠન અને સેવાના કાર્યમાં આપણી ક્ષમતા અનુસાર સમય, શક્તિ અને સંપત્તિના સમર્પણ દ્વારા નાનું-મોટું પ્રદાન આપવાનો સંકલ્પ અવશ્ય કરીએ. આપણા સમાજનું કાર્ય એ ઇશ્વરનું કાર્ય છે, પૂ. જલાબાપાનું કાર્ય છે એમ વિચારીને આ સંકલ્પ કરીએ. રઘુવંશી સમાજના સેવા કાર્યને આપણા જીવનનો એક હિસ્સો બનાવીએ તો આપણા સમાજનો સાર્વત્રિક વિકાસ અને ઉત્કર્ષ કરવાનું કામ સરળ બનશે અને સમગ્ર રઘુવંશી સમાજને સુખ-સમૃદ્ધિ સંપન્ન બનાવી શકીશું. નૂતન વર્ષના આરંભે સમાજના સૌ લોકો પાસેથી આટલી અપેક્ષા રહે છે. નૂતન વર્ષમાં આપ સૌ સુખ-સમૃધ્ધિ, સ્વસ્થ અને સામર્થ્ય સંપન્ન બનો એવી હાર્દિક શુભેચ્છા અને પ્રભુ ચરણોમાં પ્રાર્થના સાથે પુનઃ નૂતન વર્ષાભિનંદન...

પ્રવિણ કોટક
પ્રમુખ
શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : ૫
નવેમ્બર - ૨૦૧૭
અંક : ૫૯
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરુણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૮

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
Imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeImpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| પ્રગટે પાવક પુનિત પુષ્પ : ગિરીશ ડ્રેસવાલા | ૪ |
| નૂતન વર્ષે શુભ સંકલ્પના : પ્રો. ચંદ્રકાંત જે. તન્ના | ૫ |
| બાય બાય નવરાત્રિ – ૨૦૧૬ | ૬ |
| કાર્યાલય સમાચાર | ૧૫ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૬ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| શાબાશ રઘુવંશી | ૨૨ |
| જલારામ રથયાત્રા | ૨૩ |
| સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ | ૨૪ |

## સંકલ્પ

આવો, આપણે સૌ સાથે મળી રઘુવંશી સમાજમાંથી
થેલેસિમિયા મેજર નામની મહાભયાનક બીમારીને જાકારો આપીએ.
સમાજના દરેક યુવાન ભાઈ-બહેનોને
લગ્ન સંબંધો પૂર્વે થેલેસિમિયા રક્ત પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરીએ.

## થેલેસિમિયા નાબુદી અભિયાન



## વૃક્ષો વાવો ધરતી બચાવો

# પ્રગટે પાવક પુનિત પુષ્પ

નવલા વરસની નવી કવિતા, અને
એ કવિતા છે શાંતિ સમૃદ્ધિથી હરીભરી,
ઉલ્લાસ-ઉત્સાહ ને ઉત્કર્ષથી,
શિખરો સમાજ - સંસાર ને સંસ્કારથી
જીવન કવિતા સરિતાના અમી પાથરશે,
દિવાળીના દિવડા ઝગમગ ઝળકશે - ટમટમશે તારલાઓ,
અમાવાસ્યની અંધારી રાતલડી, કેવી છે મધુર કવિતા,
પ્રજ્જવલીત - પલ્લવીત - પ્રફુલ્લીત
નવલા વરસની રચી છે નવી કવિતા.

ભગવાન રામ- સંત જલારામના આશિષથી ચાર દિશાઓમાં પવિત્ર કાર્યોથી સરભર થવા છલકાવવા ૨૦૭૩ સંવત વર્ષના લોહાણા જ્ઞાતિના અહોભાગ્ય છે કે ચાર દિવ્ય ધારાઓ કચ્છી, હાલાઈ, ઘોઘારી, નગરઠઠ્ઠા ચારે દિશાઓમાં સદ્રઢ, સમાજ ઉધ્ધારના પાયાના કાર્યોમાં પ્રવૃત્ત છે. માતૃસંસ્થા 'શ્રી લોહાણા મહાપરિષદ'માં આપણા સ્વયંની નાની-મોટી ભૂમિકાથી પંચ પરમેશ્વરમાં આ ચારેય શાખાઓ મળી પંચ પરમેશ્વરની સમર્થતા પ્રગટ કરે છે.

ઈશ્વરના મંદિરના પગથિયે ચડતા તે આરસના હોય કે પથ્થરના મંદિરનો ઘંટનાદ હોય કે પ્રભુના બારણાની સાંકળને માથે લગાડીએ દરેક આપણા અંતરની ઊર્મિઓ, આકાંક્ષાઓ, સંતાપને સક્ષમ અથવા શાંતતા આપવા નવા વર્ષની પ્રભાતે આંગળીએ થીરકતી હશે.

લાલ-પીળા-લીલા રંગોની રંગોળી ને,
કાનુડા મારા આંગણે વાંસળી વગાડજે,
કોકિલના ટહુકારા, મેઘધનુષના સપ્તરંગી રંગો,
રંગબેરંગી પુષ્પો, પ્રભુ ચરણે પાથરીએ,
હ્રદયથી વંદન કરીએ શ્રીરામને
નવલા વર્ષ - નવી ભાત - નવલી કવિતા !

ધનધાન્યથી સમૃધ્ધિના આશિષથી ઓચ્છવોના પ્રારંભમાં જ ધનતેરસનું આગમન ને ત્યારબાદ ખોટા વિચારો - આચારોનો જાકારો દેવા અંધારાને દીવડાનો અજવાશ પાથરતી ને તે રૂપે હ્રદયે સૌરભ સીંચતી પ્રભુને પ્યારી દિવાળીની સાથે જ રૂમઝુમ કરતી આવે ને લક્ષ્મીના આંગણે આગમન સાથે જ નવા વર્ષનું આવવું તેથી શુભનો વિચાર આવવો પણ મુશ્કેલ છે.

આ વર્ષના આગમનમાં મક્કમ નિર્ધાર કરીએ કે પુણ્યનો ઉદય કરી કુટુંબ - જ્ઞાતિ - સમાજ - રાષ્ટ્રને ગૌરવ અપાવવા સદા માટે તત્પર રહીશું. શુભ દર્શનના દ્રષ્ટા બની સર્વના જીવન ઉત્કર્ષના કાર્યો કરવા તન-મન અને ધનથી સેવારત રહીશું. 'તું માંગે ને હું આપું.' તેવું ન વિચારતા હું ફક્ત અર્પણની ભાવના રાખું તેવું હે પ્રભુ ! મને સદ્‌વિચારોનું ભાથું આપ.'

કવિતાની રચનાનું સામર્થ તે ભલે અમોને આપ્યું છે પરંતુ તારા આશિર્વાદથી નવા વર્ષના સત્કાર્યો કરી શકું તેવું દિશાસૂચન કરાવ તેવી પ્રાર્થના સહ.

હરિ આવનની ધ્વનિને સાંભળ્યા કરું,
દિવસ ને રાત સંસ્કારના દીપ બાળ્યા કરું,
નયનમાં નંદલાલ એવા વસે,
પ્રીતિ - નીતિ - સુમતિ આપો મુને,
છોને, મીરાની મટુકીમાં માધવ રમે,
મારામાં હળહળ દુનિયા પ્રભુ તારી રહે !
નૂતન વર્ષ - નવા સાથ - નૂતન કવિતા
પ્રગટે પાવક પુણ્યનું પુષ્પ ને પથરાય
સર્વના નવ વર્ષના કિલ્લોલ સભર તેવી અભ્યર્થના સહ...

- ગિરીશ ડ્રેસવાલા, મુંબઈ

# આવો આપણે સૌ રઘુવંશીઓ નૂતન વર્ષે શુભ સંકલ્પના દીપ પ્રગટાવીએ

**''આજ આવી ને કાલ બદલે છે, આ સમય આમ સાલ બદલે છે.''**

એક એક ક્ષણથી બનેલા સમુહના દિવસો પસાર થતા એક વર્ષનો કાળખંડ સરી ગયો. એક પછી એક રણઝણતી ઋતુઓ પણ પસાર થઈ ગઈ. નવા ઉમંગ સાથે નવા વર્ષની નવા ઉષાનો મીઠો ઝણકાર કાનમાં સંભળાય રહ્યો છે ત્યારે આ નવું વર્ષ અનેક શક્યતાઓ ચીંધતું. આશાને ઉત્સાહથી ભર્યું ભર્યું આપણા ઉંબર પર અતિથિની જેમ ઉપસ્થિત થયાની લાગણી પણ થાય છે. નિશ્ચિત તિથિવાળા આ અતિથિદેવનું તો સ્વાગત જ હોય ને !!!

આપણું પ્રત્યેક વર્ષ કોઈને કોઈ શિવસંકલ્પની સિધ્ધિનું વર્ષ બની રહેવું જોઈએ. આપણી સમસ્ત ચેતના - આપણી સર્વ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો એકાગ્રપણે, સુમેળ અને સહકારથી ક્રિયાન્વિત થાય તો જ સંકલ્પસિધ્ધિ શક્ય બને છે સંકલ્પ તો હોય શિવ કે શુભને અનુલક્ષતો. જ્યાં શુભ, ત્યાં લાભ, જ્યાં શુભ ત્યાં સુખ શુભ ને લાભમાં પહેલું હોય શુભ. શુભથીને શુભમાં જ આપણો સાચો લાભ રહ્યો છે.

આપણા આ નવા વર્ષે પોતાનું અને અન્ય સૌનું શુભ કરવાની વૃત્તિ મનમાં ઊગે તો આપણે આપણું 'મંગળ પ્રભાત' થયું એમ સમજવું જોઈએ. આપણે સૌએ ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુભ જ સરળ, સ્નેહાળ અને પ્રેમાળ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક પોતાની જોશીલી ટીમ લઈને શુભ કરવાની વૃત્તિ સાથે, એ માટેની સજ્જતા સાથે, નક્કર દિશામાં શ્રદ્ધાપૂર્વક પ્રબળ રીતે એક પછી એક પ્રકલ્પોના સંકલ્પો લઈ આગળ વધી રહ્યા છે. જેમાં જ્ઞાતિ વિકાસની ધરોહર સમા બે પ્રકલ્પો શિક્ષણ અને આરોગ્ય મુખ્ય છે. પૈસાના અભાવથી જ્ઞાતિનો કોઈ યુવક કે યુવતિ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને દરેક જરૂરિયાતમંદ જ્ઞાતિજનને આરોગ્યની ઉચ્ચ કોટીની સવલતો દરેક શહેરમાં વિનામુલ્યે કે રાહત દરે ઉપલબ્ધ થાય તે માટેના પ્રયત્નોને ખુબ સારો પ્રતિસાદ અને મહદઅંશે સફળતા પણ મળી છે. પણ તોય આ બન્ને ક્ષેત્રોમાં ઘણું ખેડાણ કરવાનું હજુ બાકી છે. નવા વર્ષે આપણે સૌએ એ સંકલ્પ દૃઢ કરવો રહ્યો કે જ્ઞાતિની પ્રગતિ માટે શિક્ષણ અને આરોગ્ય. પ્રકલ્પોને તન, મન અને ધનથી સહયોગ આપવો જ રહ્યો.

આરોગ્યની સેવાની સાથે સાથે આરોગ્યની સભાનતા અંતર્ગત ''થેલેસેમિયા ટેસ્ટ અવેરનેસ''ને પ્રચંડ સફળતા મળી. માત્ર એટલું જ નહિ શ્રી લોહાણા મહાપરિષદની આ પ્રવૃત્તિની નોંધ સમાજે તો લીધી પણ રાજ્ય સરકારે ''શ્રેષ્ઠ સેવાનો ખિતાબ આપી નવાજી પણ ખરી જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ કહેવાય. આમ નૂતન વર્ષે દીપપર્વની આ ઉજવણીની સાથે સાથે આ આપણે સૌ શિક્ષણ પર્વ, આરોગ્ય પર્વ તેમજ મહિલા અને યુવા વિકાસપર્વ દ્વારા ઉર્જાપર્વ અને વિકાસ પર્વની અર્થસભર ઉજવણી આવનારા વર્ષોનાં કરવાનો પણ સંકલ્પ કરીએ.

લોહાણા જ્ઞાતિના જનજનના મનમાં ચેતનાના નૂતન આવિર્ભાવ પ્રગટાવી સૌ કોઈને ઉજ્જવળ ભવિષ્યની નવી ત્રિતિજો માટે પથદર્શક બની રહે તેવા પ્રકલ્પોના સંકલ્પો કરીએ અને આ માટે લોહાણા જ્ઞાતિમાં જન્મેલા સંત શીરોમણી વિશ્વવંદનીય પૂ.યોગીજી મહારાજે ચિંતેલા ''સંપ, સહકાર અને સુહૃદયતા''ના સંકલ્પો લઈએ, પૂ.મોરારિબાપુની ''સત્ય, પ્રેમ ને કરુણા''ની વાત યાદ કરીએ.

''કરુણાના કોડિયામાં પુરવાનું છે પ્રેમ-સ્નેહનું તેલ
તેમાં દિવેટ હોય દિલની, તણખો હોય સત્યનો.''

હે રઘુવંશીઓ, ચાલો ધરતી જેવા ક્ષમાશીલ થઈએ, આકાશ જેવા ખુલ્લા થઈએ, પવન જેવા ગતિશીલ થઈએ અને સોના જેવા શુદ્ધ થઈએ તો આપણું આવનારું વર્ષ સંકલ્પ સિદ્ધિનું વર્ષ બની રહેશે.

તો ચાલો આપણે સૌ પ્રવિણભાઈની પ્રવિણતા (કુશળતા) અને પ્રધાનપદે ઉમંગભાઈના ઉમંગ અને ઉત્સાહને, હિમાંશુભાઈના હિર અને હોંશને, પિયુષભાઈના પ્યાર અને પરિપકવતાને, હિંમતભાઈની હુંફ અને હકારાત્મકતા તો સાથે સાથે યોગેશભાઈના યત્નો (પ્રયત્નો) અને યોગદાને, પરેશભાઈના પુરુષાર્થ અને પીઠબળને તેમજ સમગ્ર ટીમની તરોતાજા તાકાતને તન, મન અને ધનથી દરિયાદિલી સાથે આપીએ.

આપ સૌને દીપાવલીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષની મંગલકામનાઓ પાઠવતાં અંતે એટલું જ કહીશ કે....

**''ચાલ સંબંધના દીપકને ઝળહળવા દઈએ
અંધારાને થોડું થોડું વહેંચીને પી લઈએ
થોડી સમજણ તારી હો, ને થોડી થોડી મારી
કોણ ખરું, ને કોણ છે ખોટું ? દઈએ વાત વિસારી
ગેરસમજનાં અંધારાને ભોંયમાં દાટી દઈએ
ચાલ સંબંધના દીપકને ઝળહળવા દઈએ.''**

પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના,
ઉદ્‌ઘોષક, શ્રી લોહાણા મહાપરિષદ

# શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે આયોજિત નવરાત્રિ રાસ-ગરબા મહોત્સવ ''બાય બાય નવરાત્રિ -૨૦૧૬'' અત્યંત સફળતાપૂર્વક સંપન્ન

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...




શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તા.૧૩ ઓક્ટોબર, ૨૦૧૬ને ગુરુવારના રોજ રાસ ગરબાનું ભવ્ય આયોજન ક્લબ બેબીલૉન એસ.પી. રીંગ રોડ, ભાડજ, અમદાવાદ ખાતે મુંબઈના સુપ્રસિદ્ધ ઓરકેસ્ટ્રા બામ્બુ બિટ્સના સથવારે કરવામાં આવ્યું હતું. મા અંબેની સમૂહ આરતી બાદ રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન કરવામાં આવ્યું હતું. આરતી માટે સુશોભિત થાળીઓ તથા અન્ય શણગાર અમદાવાદના શ્રી કામિનીબેન, શ્રી ધરાબેન, શ્રી ચંદ્રિકાબેન તથા તેમના ગ્રુપ દ્વારા કરવામાં આવેલ. આરતીની શરૂઆત કમીજલા પૂ.ભાણસાહેબ સમાધિસ્થાનના મહંત પૂ. જાનકીદાસ બાપુ, શ્રી પ્રવિણભાઈ કોટકના માતૃશ્રી સરસ્વતીબા તથા ઉપસ્થિત માતૃશક્તિ, વડીલો અને શ્રેષ્ઠીઓ દ્વારા કરવામાં આવી હતી જેમાં ઉપસ્થિત તમામ જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. ત્યારબાદ ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટનો ભરપૂર આનંદ મેળવ્યો હતો. આ પ્રસંગે વિરામ દરમ્યાન ગુજરાત થેલેસેમિક સોસાયટીના સંકલનથી લગભગ ૩૫ જેટલા થેલેસેમિયા પીડિત બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ બાળકોએ તથા શ્રી પ્રફુલભાઈ જોષીએ થેલેસેમિયા અંગે પોતાની સમજ અને સંવેદના રજૂ કરી હતી. આ પ્રસંગે લોહાણા મહાપરિષદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આજનો કાર્યક્રમ થેલેસેમિયાના બાળકોને સમર્પિત કરાયો છે તે બદલ થેલેસેમિયાના બાળકોને થેલેસેમિયા સમિતિના શ્રી ભરતભાઈ ઉનડકટ, શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા સાથેના સંકલનથી સ્ટેજ પર રજૂ કરી માતૃસંસ્થા દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાન અંગે જરૂરી માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી લાખો રૂપિયા મહાપરિષદ દ્વારા આ વિષય ઉપર ખર્ચવામાં આવ્યા છે અને ભવિષ્યમાં પણ ખર્ચાનાર છે. આ શબ્દોને અનુમોદન આપતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે રૂા. ૧,૧૧,૧૧૧/- થેલેસેમિયા ફંડ માટે જાહેર કર્યા હતા ત્યારબાદ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા રૂા. ૧,૧૧,૧૧૧/- અને તુરંત જ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ રૂા. ૧,૧૧,૧૧૧/-, શ્રી ભવાનભાઈ ભરવાડે ઉચ્ચ શિક્ષણ માટે રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂા. ૧,૦૦,૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું. ત્યારબાદ વડોદરાના શ્રી ઠાકોરભાઈ ઠક્કરે અખિલ ગુજરાત લોહાણા સમાજ ટ્રસ્ટ વતી રૂા. ૫૧,૦૦૦/-, અમદાવાદના શ્રી રઘુરામભાઈ વશરામભાઈ રાચ્છ દ્વારા રૂા. ૨૫,૦૦૦ તથા રાજકોટના શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી હરીશભાઈ લાખાણી, સુશ્રી શિલ્પાબેન પૂજારા દ્વારા પણ રૂા. ૨૫,૦૦૦, ઈટીવીના શ્રી દિપકભાઈ રાજાણી અને રોયલ ગ્રુપના શ્રી ધવલભાઈ આચાર્ય તરફથી ૨૫,૦૦૦/- તથા ગાંધીધામથી પધારેલા શ્રી કે. સી. ઠક્કર રૂા. ૨૫,૦૦૦/- જાહેર કરાયા હતા. ત્યારબાદ આ કાર્યક્રમને જેનું મુખ્ય સૌજન્ય મળ્યું છે તેવા ક્લબ બેબીલૉન વતી શ્રી રઘુરામભાઈ ઠક્કરનું પાઘડી અને તલવારથી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને સાથી હોદ્દેદારો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.









ત્યારબાદ ઈટીવી ગુજરાતના શ્રી દિપકભાઈ રાજાણીનું પણ આ તબક્કે અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી દિપકભાઈ રાજાણીએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રઘુવંશી સમાજ તાકાતવાળો સમાજ છે પરંતુ રાજકારણમાં યોગ્ય પ્રતિનિધિત્વ તથા ન્યાય નથી મળતો તે ખરેખર કરૂણ બાબત છે. આવનારા દિવસોમાં રઘુવંશી સમાજને યોગ્ય ન્યાય મળે અને પ્રતિનિધિત્વ મળે તે માટે તેમણે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. અત્રે તાજેતરમાં જ ગુજરાત ટુરિઝમ દ્વારા અમદાવાદમાં આવેલી હોટલ પતંગને બેસ્ટ રેસ્ટોરન્ટ અને ગુજરાત બહારની ગાંધીધામ ખાતે આવેલી હોટેલ રેડિસનને બેસ્ટ હોટલનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે તેની નોંધ લઈ આ બંને રઘુવંશી પરિવારોને પણ ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતા.



ક્લબ બેબીલૉનના શ્રી અશોકભાઈ રઘુરામભાઈ ઠક્કરના સેવા અને સમર્પણના ભાવ અને માતૃસંસ્થાની લાગણી બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈએ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા અને ક્લબની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમયે તમામ ખેલૈયાઓ માટે ભજીયા, ઢોકળા અને દૂધપૌંઆના અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો સૌએ મનભરીને માણ્યો હતો. અલ્પાહારનું સૌજન્ય શ્રી પ્રવિણભાઈ કોટક, ડૉ. ભાવેશભાઈ આચાર્ય, રોયલ ગ્રુપના શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી હરિશભાઈ ઠક્કર, શ્રી ધર્મેશભાઈ હરીયાણી, શ્રી શિલ્પાંગભાઈ કારીયા, શ્રી કે. સી. ઠક્કર તરફથી પ્રાપ્ત થયું હતું. અલ્પાહાર બાદ પણ ખૈલૈયાઓ તથા શ્રી લોહાણા મહાપરિષદની ટીમે રાસ-ગરબાનો ભરપૂર આનંદ લીધો હતો. ખૂબ જ ટૂંકા સમયમાં થયેલા આ આયોજનમાં પણ મુંબઈથી શ્રી સતીષભાઈ વિઠલાણી, સુશ્રી રશ્મિબેન વિઠલાણી, ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધી, રઘુકુળ વિશ્વના કો-ઓર્ડિનેટર શ્રી મુકેશભાઈ કોટક, સુરતથી શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી શૈલેષભાઈ સોનપાલ, ગાંધીધામથી સુશ્રી નીમાબેન આચાર્ય, શ્રી કે. સી. ઠક્કર તથા સાથીઓ, પોરબંદરથી શ્રી પિયુષભાઈ મજીઠીયા, શ્રી સંજયભાઈ કારીયા તથા તેમની ટીમ, વડોદરાથી શ્રી ઠાકોરભાઈ ઠક્કર, સુશ્રી વર્ષાબેન વિઠલાણી (આમંત્રિત જજ), વલ્લભ વિદ્યાનગરથી









ઉદ્દ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, રાજકોટથી શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી સુરેશભાઈ ચંદારાણા, સુશ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી યોગેશભાઈ પૂજારા, શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી શિલ્પાબેન પૂજારા (આમંત્રિત જજ), સુશ્રી રત્નાબેન સેજપાલ તથા સાથે લગભગ ૫૦ જેટલા સભ્યો સ્પેશયલ બસ દ્વારા આ મહોત્સવમાં ભાગ લેવા પધાર્યા હતા. આ સિવાય અમદાવાદની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો પણ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



લગભગ ૧.૩૦ કલાકે કાર્યક્રમની સમાપન વેળાએ સુપ્રસિદ્ધ બામ્બુ બિટ્સ ઓરકેસ્ટ્રાના કિર્તી-ગીરીશ તથા સિંગર પ્રશાંત - ગોરલ - અમીત તથા સમગ્ર ટીમનું પ્રવિણભાઈ કોટક તથા શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉદ્દ્ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના જજીસને વિનંતી કરતા આ આખાય કાર્યક્રમમાં મન ભરીને રમેલા એવા વિજેતાઓની યાદી જાહેર કરી આ તમામ વિજેતાઓને માતૃસંસ્થા દ્વારા સુંદર ભેટથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઈનામોનું સૌજન્ય વર્લ્ડ ટુરના શ્રી દિપકભાઈ ઠક્કર દ્વારા પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ આ કાર્યક્રમને સફળ બનાવવા જેમણે જેમણે વિશેષ મહેનત કરી છે તે તમામનું શ્રી પ્રવિણભાઈએ આભાર સહ અભિવાદન કર્યું હતું. સંયુક્ત મંત્રી શ્રી અંજનભાઈ કોટક દ્વારા ફટાકડા દ્વારા સુંદર રોશની કરવામાં આવી હતી. સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢીયા દ્વારા થેલેસેમિયાના બાળકોને તથા ઓરકેસ્ટ્રાની ટીમને સુંદર ગિફટ આપવામાં આવી હતી. અલ્પાહારની વ્યવસ્થામાં શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી પી.જી. ઠક્કર, શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ ગોકલાણી તથા સમગ્ર ટીમ દ્વારા સુંદર વ્યવસ્થાનું સંકલન કરવામાં આવ્યું હતું. આગમન સમયે પાસની વ્યવસ્થામાં મહેમાનો માટે શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ભરતભાઈ માવાણી તથા બેઠક વ્યવસ્થામાં સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર, બેનર વ્યવસ્થામાં શ્રી જીતુભાઈ ઠક્કર તથા રજિસ્ટ્રેશન કાઉન્ટર પર શ્રી રમેશભાઈ અનમી, શ્રી પ્રવિણભાઈ ગંદા તથા શ્રી હર્ષદભાઈ કારીયા તેમજ સ્ટેજ કો-ઓર્ડિનેશનમાં સંયુક્ત શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી ધવલભાઈ આચાર્ય, તથા મહેમાનોની વ્યવસ્થા અને સંકલનમાં શ્રી ભવાનભાઈ કોટક, શ્રી ધર્મેશભાઈ ઠક્કર દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું ભારતભરમાં ઈટીવી દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.



# તસ્વીરી ઝલક - બાય બાય નવરાત્રી ૨૦૧૬



શ્રી લોહાણા મહાપરિષદ આયોજિત નવરાત્રી મહોત્સવમાં ખૂબ જ ઉત્સાહભેર પ્રદર્શન કરી વિજેતા બનેલા ખેલૈયા સ્પર્ધકો.





નવરાત્રી મહોત્સવ નિમિત્તે પ્રાપ્ત થયેલ સુંદર સૌજન્ય બદલ પ્રોત્સાહિત થતા અને સૌને પ્રોત્સાહિત કરતા અમદાવાદના સમાજશ્રેષ્ઠી શ્રી રઘુરામભાઈ વશરામભાઈ રાચ્છ.





નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ને સફળ બનાવવા માટે ફક્ત ત્રણ દિવસના ટૂંકા ગાળામાં સુંદર સંકલનથી માતૃસંસ્થા પ્રત્યેના પ્રેમનું દર્શન કરાવતા કચ્છી કોટીમાં સજ્જ યુવાન મિત્રો... વડીલો સાથે.




## અમદાવાદની વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાયેલ નવરાત્રીની નોંધ

અમદાવાદ ખાતે પણ લોહાણા મિલન, કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ, સમસ્ત ઠક્કર પરિવાર, ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહિલા મંડળ, લોહાણા મિલન મહિલા મંડળ, લોહાણા પરિવાર મહિલા મંડળ દ્વારા પણ નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, સંયુક્ત મંત્રીઓ તથા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવરાત્રી મહોત્સવ દરમિયાન તા. ૬ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ શારદીય અનુષ્ઠાન પર્વમાં સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે ઉપસ્થિત રહી પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના આશીર્વાદ મેળવ્યા હતા અને આગામી વર્ષે સિધ્ધપુર મુકામે યોજાનાર માતૃતર્પણ માટે વિશેષ શ્રીમદ્ ભાગવત સપ્તાહના આયોજન અંગે વિગતે ચર્ચા-વિચારણા કરી હતી. અત્રે પોરબંદર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સંજયભાઈ કારીયા તથા સમગ્ર ટીમ સાથે લોહાણા મહાજન વાડી ખાતે આયોજીત ગરબા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહી જ્ઞાતિગંગાના દર્શનનો લાભ મળ્યો હતો. તા. ૭ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ માણાવદર ખાતે જલારામ મંદિર તથા સ્વામિનારાયણ મંદિરની પૂ.જશભાઈ સાહેબ સાથેની મુલાકાત પણ ખૂબ જ ઉત્સાહજનક અને પ્રેરક રહી.








રાજકોટ ખાતે રઘુવીર સેના આયોજિત તથા રઘુવંશી પરિવાર આયોજિત ગરબા મહોત્સવમાં પણ હાજરી આપી ધન્યતા અનુભવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકે રાજકોટના બંને યુવાન મિત્રો શ્રી યોગેશભાઈ પૂજારા તથા શ્રી મિતેષભાઈ રૂપારેલિયાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

**સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર**
**ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ**
**૯૮૨૪૦૬૬૩૭૫**

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Gurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

**ROYAL | EXPRESS**
BETTERING TOMORROW



www.royalexpressbus.com

DAILY SERVICE: 2X1, A/C & NON A/C SLEEPER & SEATING COACH
GANDHIDHAM-BHUJ-MUNDRA-MANDVI-ADIPUR-ANJAR
RAJKOT-JAMNAGAR-DWARKA-MITHAPUR-BARODA-SURAT-VAPI
UDAIPUR-AJMER-JAIPUR
MUMBAI-PUNE-NASIK-SHIRDI-AHMADNAGAR-DHULIYA-AURANGABAD

**DAILY PARCEL SERVICE M.9909900176**

**Sandeep Jayakar**
Director - Operations
M : +91 93223 32038

**Universal Currency Exchange (I) Pvt. Limited**

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

**Gadhiya Travelhub Pvt. Ltd.**
Always at your service...

079 4008 2288

OUR SERVICES


Domestic & International Air Tickets


World Wide Hotel Booking


Car & Bus on Rent


Passport, Visa & Travel Insurance Assistance


Rail & Bus Tickets


Domestic & International Tour Packages

Address UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

**હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧**

JTC

*Jalaram Transport Co.*

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

---

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

---

Hero

**Bipin Batavia**
**Proprietor**

## SHIVANG AUTOMOBILES

**Authorised Dealer Hero MotoCorp Ltd.**

**Showroom :**
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**ભરતભાઇ ચંદારાણા**
**પરિવાર, નાશિક**

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**સુરેશભાઇ કોટક**
**પરિવાર, નાશિક**

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**કિશનભાઇ સોમાણી**
**પરિવાર, નાશિક**

---

*A Divine Fragrance.....*

**nandini®**
**AGARBATTI**

**HEAD OFFICE :**
NANDINI AGARBATTI CO. PVT. LTD.
5/6, Ambedkar Shopping Centre,
Red Cross Chowk, Nashik - 422 001.
Maharashtra (INDIA)
Tel. : +91 253 - 2578816, 2578708
Fax : +91 253 - 2512400
Email : info@nandiniagarbatti.com
Website : www.nandiagarbatti.com

**WORKS :**
"Ushakiran" Nandini Nagar
Hirawadi Road, Panchvati,
Nashik - 422 003. Maharashtra (INDIA)
Tel. : +91 253 2511400

---

**YAMAHA**

**Mahesh Thakkar**
Partner

**TORQUE MOTORS**
Showroom : Shop No. 2, Komal Plaza,
Near INOX Cinemas, Nasik Pune Road,
Nasik - 422006
Ph : +91 94222 59554
E-mail : mahesh.torquemotors@gmail.com

*Torque Responsibly*

# મિસ કોલ પ્રોજેક્ટ...૯૯૦૯૯૦૦૧૨૩, પર અવશ્ય ફોન કરો


From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.




Airport Road, Gandhidham, Gujarat, India - 370201. Tel: +91 2836 666666, 99798 45581 | www.radisson.com/kutchin

Radisson HOTEL KANDLA


**ભરતભાઈ રેલીયા, રાજકોટ**

**૯૮૨૫૦ ૭૮૯૫૯**

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.



JIGNESH BHAJIAWALA

+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH

Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

**હાર્દિક શુભેચ્છા સહ**

**કરસનભાઈ મૂળજીભાઈ કતીરા પરિવાર, નાશિક**

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station,
Farmaji Compound, Alkapuri, Vadodara.




187/12/B/1-2, Champalipura, Nr. CASA Paradise
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

187, Champalipura, Nr. Narmada Vasahat
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS

2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

**Mukesh Chothani**
Certified Financial Consultant

UDIT INVESTMENTS

- Mutual Funds • Investment
- Insurance • Retirement
- Tax Planning • I.P.O. & Bonds
- Co-Deposite & Loan Consultancy

2, First Floor, Amrut Chambers, Malegaon Stand,
Panchavati, Nashik-422003
Tel. (O) 0253-2511136, 6565755, (M) 9822274907
E-mail _ namaskar37@gmail.com

PRESIDENT : GUNTAVNUK PRATINIDHI VIKAS SANSTHA, NASHIK

**હાર્દિક શુભેચ્છા સહ**

**યોગેશભાઇ કાનાણી પરિવાર, નાશિક**

**રક્તદાન... મહાદાન...** **Download : lmpbloodseva.org**


## કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362
## S.S.THAKKAR
Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.

JUGHEAD HOTDOGS & MORE! · Bistro @ Coffee Break · FARM FAIR CHINESE CUISINE · baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad
BK
## DAMYANTI FOOD PRODUCTS
*(a Unit of B.K. Group, Nagpur)*
**Manufacturers Of :**
Idli Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida, Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs
For Trade Inquiries Contact : M - 09423682727
E mail : bkcogroup@gmail.com

## હરીલાલ દયાળજીભાઈ ઠક્કર (રામાણી)
આદીપુર મો. ૯૮૭૯૧૩૮૧૫૩



વિભાગીય અધ્યક્ષ, કચ્છ - લગ્નવિષયક સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ
ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

MONARCH GROUP SUNIL RAJAI
## MONARCH
*(A house of complete Software Solution)*
**Our Software Services**

- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

## શૈલેષભાઈ સોનપાલ
airtel ૯૮૯૮૬ ૫૨૧૬૩
SAMSUNG
**Shivam Agency**
**Shivam Mobile Services Pvt. Ltd.**
**Radhey Sales Pvt. Ltd.**
16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

## હાર્દિક શુભેચ્છા સહ
## કિશોરભાઇ ઠક્કર
## પરિવાર, નાશિક

## PARi Creation
PARi **Girls Ethnic Wear**



414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

## દિપાવલીના પવિત્ર દિવસે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર ચોપડાપૂજન





દિપાવલીના પવિત્ર દિવસે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પણ ચોપડા પૂજન કરી, મહાલક્ષ્મી અને રિદ્ધિ - સિદ્ધિની અસીમ કૃપા રહે તથા સૌ રઘુવંશીઓના સુખ-સમૃદ્ધિ માટે પૂજા-પ્રાર્થના કરતાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા શુભેચ્છકો. આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ કોટકની વિશેષ ઈચ્છા અને શ્રી નરેન્દ્રભાઈ દાવડાના સંપૂર્ણ આર્થિક સહયોગથી સંવત ૨૦૭૩ના શ્રી લોહાણા મહાપરિષદના ટાઈટલથી જરૂરી માહિતીઓ સાથેનુ પંચાંગ આ શુભ દિવસે વિમોચીત કરવામાં આવ્યું હતું તથા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી રઘુકુળ વિશ્વના રાષ્ટ્રીય સંકલક શ્રી નરેન્દ્રભાઈ દાવડાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મહાજનશ્રીઓના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો માટે પંચાગ માતૃસંસ્થાના હોદ્દેદારો મારફતે મોકલી આપવામાં આવેલ છે. દિપાવલીના આ શુભ દિવસે વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. અંતમાં સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.





આજ રોજ દિવાળીના શુભ અવસરે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર શિક્ષણ-આરોગ્ય સહાયના વિશેષ વિભાગના સહમંત્રી તરીકે રમેશભાઈ અનમીની નિમણૂંક શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે વરિષ્ટ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી રમેશભાઈને શુભેચ્છા તથા અભિનંદન આપ્યા હતા.

- કાર્યાલય

## પર્યાવરણ સમિતિ













# નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન - ૨૦૧૬

શ્રી કિરીટભાઈ ભીમાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ તથા પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દેશમાં વસતા તમામ રઘુવંશી ભાઈ-બહેનોને નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન-૨૦૧૬માં ભાગ લેવા માટે આમંત્રિત કરે છે.

સ્પર્ધાનો વિષય : વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી

સ્પર્ધાનો સમય : આ સ્પર્ધા ૨ ઓક્ટોબર ૨૦૧૬ થી ૧૫ ડિસેમ્બર ૨૦૧૬ સુધી ખુલ્લી રહેશે.

આ સ્પર્ધામાં ત્રણ ગ્રુપ છે જેમાં ગ્રુપ એમાં ૨૦ વર્ષ સુધી, ગ્રુપ બીમાં ૨૧થી ૪૦ વર્ષ સુધી, ગ્રુપ સીમાં ૪૦ વર્ષથી વધુની વયના તમામ વ્યક્તિઓ ભાગ લઈ શકે છે.

સ્પર્ધાનું માધ્યમ : સ્પર્ધકો પોતાની પસંદગી પ્રમાણે પ્રિન્ટેડ ફોટો (૧૨'' x ૮'') નીચે જણાવેલ સરનામા પર મોકલી શકે છે. અથવા સ્પર્ધકો **jalarambapa999@gmail.com** પર ફોટો ઈમેઈલથી (૭ એમ.બીથી નાનો જેપીઈજી અથવા જેપીજી) મોકલી શકે છે એની સાથે ભરેલા ફોર્મની સ્કેન કોપી મોકલવી.

### સ્પર્ધાના નિયમો :

- સ્પર્ધકે આપેલ ફોટો ઓરીજીનલ અને અગાઉ પ્રકાશિત થયેલ ન હોવો જોઈએ.
- સ્પર્ધામાં ફોટો મોકલીને સ્પર્ધક ખાતરી આપે છે કે મોકલેલ ફોટો કોપીરાઈટ / ટ્રેડમાર્ક / અન્ય ઈંટલેક્ટયુલ પ્રોપર્ટી વિગેરેનું ઉલ્લંઘન નથી કરેલ.
- ફોટોમાં માત્ર બેસિક સાર્પન, કોન્ટ્રાસ્ટ એજડસ્મેંટ અને સાદુ ક્રોપીંગ હોવું જોઈએ, વોટરમાર્ક્સ ન રાખવા.
- જે ફોટા અગાઉ કોઈ પ્રતિયોગિતા જીતેલા હોય અથવા કોઈપણ સ્વરૂપે પ્રકાશિત થયેલ હોય તે માન્ય રાખવામાં નહિ આવે.
- તમામ વિજેતા કૃતિઓ પર્યાવરણ સમિતિની માલિકીની રહેશે, પર્યાવરણ સમિતિનો નિર્ણય આખરી રહેશે.
- દરેક સ્પર્ધકે ફોર્મમાં પૂરેપૂરી વિગતો ભરવી. મેઈલથી મોકલેલ એન્ટ્રીની સાથે સ્કેન કરેલ ફોર્મ મોકલવું.

વિજેતા : પ્રત્યેક ગ્રુપમાં પ્રથમ ત્રણ મુખ્ય વિજેતાઓને તથા અન્ય બે આશ્વાસન ઈનામ આપવામાં આવશે. વિજેતાઓને યોગ્ય ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. વિજેતાઓના નામ ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ સુધીમાં જાહેર કરવામાં આવશે. વિજેતાઓને ઈનામ શ્રી લોહાણા મહાપરિષદના સભ્યો તથા પર્યાવરણ સમિતિના સ્થાનિક સભ્યો દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધીમાં આપવામાં આવશે. વિજેતાઓના નામ ઈનામ શ્રી શૈલેષભાઈ ઠક્કર (ગોવાણી) (રાષ્ટ્રીય કારોબારી સભ્ય, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ) તા. સરા (ડી. સુરેન્દ્રનગર) તરફથી સ્પોન્સર કરવામાં આવેલ છે.

**એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫ ડિસેમ્બર, ૨૦૧૬**

**એન્ટ્રી મોકલવાનું સરનામું**

ભાવિન જોબનપુત્રા
મંત્રી, સૌરાષ્ટ્ર વિભાગ
C/o. યુનીટી ઈંગ્લીશ એકેડેમી,
સરદાર કોમ્પ્લેક્ષ, રાજભોગ સ્વીટ્સ ઉપર, ગોંડલ
૮૦૦૦૪૮૨૦૦૭

નિલેશભાઈ ઠક્કર
રાષ્ટ્રીય કારોબારી સભ્ય
જૈન શાસનનગર-૨,
ઉમિયા વિજય બસ સ્ટોપ, સેટેલાઈટ, અમદાવાદ.
૯૮૭૯૮૭૪૬૯૯

આ કાર્યક્રમનું સંકલન ભાવિન જોબનપુત્રા, મંત્રી સૌરાષ્ટ્ર વિભાગ (૮૦૦૪૮૨૦૦૭), નિલેશ ઠક્કર, રાષ્ટ્રીય કારોબારી સભ્ય (૯૮૭૯૮૭૪૬૯૯) તથા કમલેશ અઢિયા, રાષ્ટ્રીય કારોબારી સભ્ય (૯૮૨૪૩૨૬૧૧૧) દ્વારા કરવામાં આવશે. વધુવિગતો માટે આપ એમનો તથા પર્યાવરણ સમિતિના સ્થાનિક હોદ્દેદારોનો સંપર્ક કરી શકો છો.

પી.ટી. ઠક્કર
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

કિરીટ ભીમાણી
રાષ્ટ્રીય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

આલાપ પંડિત
રાષ્ટ્રીય મંત્રી, પર્યાવરણ સમિતિ

# થેલેસેમિયા સમિતિ

THALASSEMIA

થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત સમગ્ર સમાજમાંથી થેલેસેમિયા મેજર નામના મહાભયાનક રોગને જાકારો આપવા માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિવિધ સ્થળોએ રક્ત પરિક્ષણ કેમ્પ આ રોગ અંગેના જાગૃતિ માટેના વિવિધ કાર્યક્રમો, વિવિધ વિસ્તારોમાં મહાજનશ્રી દ્વારા કાર્યક્રમોમાં કરવામાં આવતી વિવિધ અપીલ દ્વારા લગ્ન સંબંધો પૂર્વે થેલેસેમિયા રક્ત પરિક્ષણ કેમ્પ કરવા માટે ચોક્કસ પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવને થેલેસેમિયા બાળકો માટે સમર્પિત કરવામાં આવેલ છે. થેલેસેમિયા પીડિત લગભગ ૫૦ જેટલા બાળકોને પણ વિશેષ આમંત્રણથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ પોતાની લાગણીઓ પણ વ્યક્ત કરી હતી અને ભવિષ્યમાં સમાજમાં થેલેસેમિયાથી પીડિત બાળકો ન જન્મે તે માટે જાહેર અપીલ પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે થેલેસેમિક સોસાયટીના શ્રી પ્રફુલભાઈ જોષી, રેડક્રોસ સોસાયટીના ચેરમેન ડૉ. ભાવેશભાઈ આચાર્ય પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના થેલેસેમિયા નાબૂદી અભિયાન માટે રૂા. ૬,૦૦,૦૦૦ જેટલું અનુદાન પણ વિવિધ સમાજશ્રેષ્ઠીઓ દ્વારા જાહેર કરાયું હતું.




તાજેતરમાં જ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાન માટે શ્રેષ્ઠ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થામાં શ્રી લોહાણા મહાપરિષદની પસંદગી કરાઈ છે. તા. ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ રાજભવન, ગાંધીનગર મુકામે યોજાનારા વિશિષ્ટ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તથા અન્ય મંત્રીઓની હાજરીમાં આ સન્માન એનાયત કરવામાં આવશે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને કમિશનર શ્રી જે.પી. ગુપ્તા સાહેબના નિર્દેશ અનુસાર આરોગ્ય વિભાગમાંથી ડૉ. ઉમંગ મિશ્રાએ પણ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લીધી હતી. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સમગ્ર ગુજરાતમાં જે જે જ્ઞાતિઓમાં થેલેસેમિયા પીડિત બાળકોનું પ્રમાણ વધારે છે તે તમામને રક્ત પરિક્ષણ માટે સરકારશ્રીને યોગ્ય સહાય આપવા માટે સાથો સાથ રક્ત પરિક્ષણ કેમ્પ ગોઠવવા માટે આરોગ્ય વિભાગને રજૂઆત કરી હતી તે બાબતે પણ હકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો અને ટૂંક સમયમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે કચ્છ યા તો સૌરાષ્ટ્રમાં શ્રી લોહાણા મહાપરિષદની સક્રિય થેલેસેમિયા સમિતિ અને વિવિધ શહેરોમાં મહાજનશ્રીઓ સાથે યોગ્ય સંકલન કરી આ અભિયાનને વેગવંતુ બનાવવામાં આવશે.

## ખૂબ ખૂબ આભાર સહ અભિનંદન

લોહાણા કોમ્યુનિટી ઓફ યુનાઈટેડ કિંગ્ડમ : (LCUK) તા. ૨૩, ૨૪ એપ્રિલ, ૨૦૧૫ના રોજ યુ.કે.ના લેસ્ટરશાયર શહેરમાં યોજાયેલા ગ્લોબલ લોહાણા કન્વેન્શનમાં માતૃસંસ્થાના તત્કાલિન પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી તથા LCUKના પ્રમુખ શ્રી હેમુભાઈ ચંદારાણા અને બંને સંસ્થાઓની સમગ્ર ટીમ દ્વારા અત્યંત સફળતાપૂર્વક યોજાયેલા આ કન્વેન્શનમાં જે પણ કાંઈ રકમની બચત થાય તે શ્રી લોહાણા મહાપરિષદના થેલેસેમિયા નાબૂદી અભિયાનમાં ફાળવવામાં આવશે તેવી જાહેરાત થયેલ જેના અનુસંધાને તાજેતરમાં જ LCUKના ખજાનચી શ્રી સુભાષભાઈ રાજાણી દ્વારા £ ૪,૧૫૦ (રૂા. ૩,૮૬,૦૦૦) રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટમાં જમા મળ્યા છે. આ તબક્કે LCUKની સમગ્ર ટીમને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે તથા ગર્વનરશ્રી યોગેશભાઈ લાખાણીએ આભાર સહ અભિનંદન પાઠવ્યા હતા.

- સંકલન : ભરતભાઈ ઉનડકટ, અલ્પેશભાઈ જોબનપુત્રા, મુરેશભાઈ ગોવાણી (અમદાવાદ)



# લગ્નવિષયક સમિતિ



## શ્રી લોહાણા મહાપરિષદ - લગ્નવિષયક સમિતિ દ્વારા સમગ્ર વિશ્વમાં વસતા લોહાણા સમાજના લગ્નોત્સુકો માટે મુંબઈમાં યોજાશે આંતરરાષ્ટ્રીય યુવા મીટ

સંકલન - હસમુખ દાવડા, હૈદરાબાદ

સમગ્ર વિશ્વમાં વસતા લોહાણા સમાજના લગ્નોત્સુક યુવક અને યુવતીઓ માટે ૮-૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મુંબઈમાં બે દિવસ માટે આંતરરાષ્ટ્રીય યુવા મીટનું આયોજન થયું છે. શ્રી લોહાણા મહાપરિષદની લગ્ન વિષયક સમિતિ દ્વારા યોજાનાર આ યુવા મીટ વિશે માહિતી આપતાં સંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર તથા શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, ઉપપ્રમુખ (મુંબઈ - મહારાષ્ટ્ર) એ જણાવ્યું હતું કે સમૃદ્ધ (હાઈ-ફાઈ) પરિવારો માટે તેમની લાગણી અને માગણીને માન આપીને, પરસ્પર સમકક્ષ પરિવારો એકબીજાના સંપર્કમાં આવીને લગ્નવિષયક મેળાપ અને સંવાદ સાધી શકે તે માટે આ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટમાં સમગ્ર વિશ્વમાંથી આવેલા લગ્નોત્સુક યુવક-યુવતીઓ અને તેમનાં માતા-પિતા પોતાને સમકક્ષ અને અનુકૂળ ઉમેદવાર અને પરિવારોને મળી શકે તેવું વાતાવરણ ઊભું કરાશે.

આ મીટની અન્ય વિશેષતાઓ જોઈએ તો સમગ્ર વિશ્વના લોહાણા પરિવારો તેમાં જોડાશે, દરેક ઉમેદવારને વ્યક્તિગત મહત્વ અપાશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે. (૧૦૦ યુવક - ૧૦૦ યુવતી) ઉમેદવારોનું વિડીયો પ્રેઝન્ટેશન કરાશે. આ ક્ષેત્રના નિષ્ણાતો માર્ગદર્શન આપશે તો જાણીતી હસ્તીઓ પ્રોત્સાહન આપશે. ફાઈવ સ્ટાર હોટલમાં રાત્રિ રોકાણની સુવિધા હશે. આ મીટમાં સમાજના અગ્રણી શ્રેષ્ઠીઓના સંતાનો પણ જોડાશે, થેલેસેમિયા અને જન્માક્ષરની સાચી સમજ અને ઉપાયની સુવિધા કરાશે, જે યુવક-યુવતી પોતાની પ્રતિભા કે સજ્જતા દર્શાવવા ઈચ્છતા હશે તેમને તક અપાશે, જરૂર પડે મધ્યસ્થીની વ્યવસ્થા પણ કરાશે.

શ્રી ઉમંગભાઈ તથા શ્રી જીતેન્દ્રભાઈએ ઉમેર્યું હતું કે મીટનો સમય બે દિવસનો હોવાથી ઉમેદવારો અને તેમના પરિવારોને વધુ ને વધુ ઉમેદવારોને મળવાનો, તેમનો પરિચય કેળવવાનો અને પસંદગીની પ્રક્રિયાને આગળ વધારવા માટે પૂરતો સમય મળશે.

આ મીટમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. રજિસ્ટ્રેશન ફી રૂા. ૪૧,૦૦૦ (બે દિવસ એક રાત્રી ફાઈવ સ્ટાર હોટલમાં રોકાણ - ભોજન - અલ્પાહાર વિગેરે તમામ સુવિધાઓનો સમાવેશ થાય છે.) રજિસ્ટ્રેશન વોટ્સએપ નંબર : +૯૧-૭૦૪૧૩૪૮૮૦૭ પર કરી શકાશે.

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક :**

શ્રી જયેન્દ્રભાઈ સોઢા (મુંબઈ) - ૯૮૬૯૦૦૯૩૬૩

શ્રી ચિંતનભાઈ ભરતભાઈ વસાણી (મુંબઈ) - ૯૮૧૯૦૪૧૧૨૭

શ્રી હર્ષદભાઈ કારીયા (અમદાવાદ) - ૭૫૭૩૦૦૮૩૩૫

શ્રી યમેશભાઈ ઠકરાર (આંતરરાષ્ટ્રીય) - ૮૮૬૬૦૬૮૬૮૦

શ્રી સુભાષભાઈ ઘેલાણી (અમદાવાદ) - ૯૮૨૫૦૧૦૮૦૭

શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર (ગોકાણી) (મુંબઈ) - ૯૮૯૨૪૫૫૧૫૫

# સાંસ્કૃતિક સમિતિ



જીતેન્દ્ર ઠક્કર
રાષ્ટ્રીય અધ્યક્ષ



રાજેશભાઈ ઠક્કર
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ

સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ તરીકે શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરની નવી મુંબઈ ખાતે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં નિમણૂંક થયા બાદ સાંસ્કૃતિક સમિતિમાં નિમણૂંક પામેલ સભ્યોની યાદી નીચે મુજબ છે.

વિરલભાઈ રાચ્છ, જામનગર (રાષ્ટ્રીય મંત્રી)

હર્ષદભાઈ અખાણી, અમદાવાદ (ખજાનચી)





**સમિતિના સભ્યશ્રીઓ**

શ્રી દિવ્યાંગ ઠક્કર, મુંબઈ (ફિલ્મ અભિનેતા)

શ્રીમતી કેતા ઠક્કર, અમદાવાદ (શાસ્ત્રીય નૃત્યકાર)

શ્રી રાકેશ પુજારા, અમદાવાદ (ફિલ્મ અભિનેતા)

સુશ્રી હિના ઠક્કર, મુંબઈ (એનાઉન્સર)

શ્રી અમીત ઠક્કર, અમદાવાદ (સંગીતકાર)

મીત પુજારા, ભુજ

શ્રી વિપુલ વિઠલાણી, મુંબઈ (ટીવી અભિનેતા)

દિવ્યા ઠક્કર, અમદાવાદ (આર.જે.)

શ્રીમતી મીનલ પ્રકાશ ઠક્કર, અમદાવાદ (સંગીતજ્ઞ)

શ્રી કૃષ્ણવદન ઠક્કર, અમદાવાદ (ચિત્રકાર - મિમિક્રી)

શ્રી શૈલેષ ઠક્કર, અમદાવાદ (ઓર્ગેનાઈઝર)

શ્રી ભરત ઠક્કર, અમદાવાદ (ટીવી કલાકાર)





# સંસ્થા સમાચાર

**આણંદ**

શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ, આણંદ દ્વારા અમૃતવાડી ખાતે ગરબાનો કાર્યક્રમ તા. ૨-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે રાખવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ હરીફાઈઓ જેવી કે બેસ્ટ એક્શન, નોન સ્ટોપ પ્લે, બેસ્ટ ડ્રેસીસ, બેસ્ટ કપલ વગેરેના વિજેતાઓને શ્રીમતી હીનાબેન પાવાગઢી તરફથી ઈનામો આપવામાં આવેલ હતા. કાર્યક્રમને અંતે શ્રીમતી મંગળાબેન કારીયા તરફથી અલ્પાહાર આપવામાં આવેલ હતો. માતાજીનો પ્રસાદ શ્રીમતી નયનાબેન મીરાણી તરફથી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના પ્રમુખશ્રી જયેશભાઈ કારીયા, ઉપપ્રમુખશ્રી પ્રકાશભાઈ મીરાણી, મંત્રીશ્રી નરેન્દ્રભાઈ માણેક, જ્ઞાતિ અગ્રણીઓ શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી શાંતિભાઈ સાદરાણી, શ્રી નવલભાઈ સાદરાણી, શ્રી હિરેન પંચમતિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સંકલન : નરેન્દ્રભાઈ માણેક, આણંદ.

**માધાપર**

માધાપર લોહાણા સમાજનો ૨૭મો સરસ્વતી સન્માન સમારંભ ગત તા. ૨૧-૮-૨૦૧૬ના મહાજન પ્રમુખ શ્રી દિનેશભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને શ્રી હરિ શાંતિનિકેતન - વયસ્ક વિશ્રામ સ્થાનમાં યોજાયા હતો. આ કાર્યક્રમની શરૂઆત મહાજન પ્રમુખ શ્રી દિનેશભાઈ ઠક્કર, સમાજવાડી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિશોરકુમાર તન્ના, શ્રી હરિ શાંતિનિકેતનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ મિરાણી અને આજીવન ટ્રસ્ટી શ્રી શશીકાન્ત ઠક્કર તથા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. સમાજની નાની બાળાઓની પ્રાર્થના અને સ્વાગત ગીત બાદ તેમને પુરસ્કારોથી નવાજવામાં આવેલ. સૌ પ્રથમ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત શ્રી જયંતીભાઈ દૈયાએ કર્યા બાદ આ સમાજે એક નવો ચીલો કંડારીને માધાપર લોહાણા સમાજે અત્યાર પર્યંત કરેલ પ્રવૃત્તિઓ અને પ્રગતિ તથા ભાવિ આયોજનો અંગેની વિસ્તૃત હકીકતો સાથેની એક પુસ્તિકાનું મહાનુભાવોએ વિમોચન કરી તે સમાજને અર્પણ કરી હતી. પુસ્તિકા તૈયાર કરનાર વડીલ શશીકાન્ત ઠક્કરે પોતાના ઉદ્‌બોધનમાં મુંબઈના એકસો વર્ષ જુના સુપ્રસિદ્ધ સમાચાર પત્ર ''લોહાણા હિતેચ્છુ''માં સને ૧૯૯૮ અને સને ૨૦૦૦માં એમ બે વખત અગ્ર લેખમાં આ સમાજની પ્રગતિની સરાહના કરાઈ હતી તેનો ઉલ્લેખ કરી સમાજે કરેલ વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો અને આ માટે છુટા હાથે દાન આપનાર દાતાઓની વિગતવાર નોંધ લીધી હતી. ધરતીકંપ સમયે સમાજના યુવાનો એ અર્ધા કલાકના સમયમાં સાર્વજનિક ધોરણે કાઉન્ટર રાખી ચા-પાણી અને જમવાની સુવિધા આપી હતી અને મુંબઈના દાતાના સહકાથી ભુકંપ પિડીત ૭૪ પરિવારોનું પુનઃવસન માત્ર પોણા નવ લાખની મામુલી રકમમાં કઈ રીતે કરાયું હતું તેની વિગતો આપી હતી. માધાપરમાં વૃધ્ધાશ્રમની સ્થાપનાની વિગતે વાત કરી તેમણે નવા ૧૨ રૂમ તથા લિફ્ટ માટે જે આયોજન કરાયું છે તેનું તમામ બુકીંગ ગણતરીના દિવસોમાં આપમેળે થઈ ગયું છે તેનો ઉલ્લેખ કરી સમાજના દાતાઓનો ઋણ સ્વિકાર કર્યો હતો.

સંકલન : જયંતીભાઈ દૈયા

**સાવરકુંડલા**

સાવરકુંડલા મહાજન પ્રેરિત શ્રી વિરદાદા જસરાજ સેના દ્વારા નવરાત્રી મહોત્સવ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનના કમ્પાઉન્ડમાં ૧૦ દિવસ સુધી વિશિષ્ટ રીતે બહોળી જ્ઞાતિ સમાજની હાજરીમાં ખૂબ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ છે. શ્રી વિરદાદા જસરાજ સેના દ્વારા - દિવાળીના તહેવારોમાં લગભગ ૧૫૦૦ કુટુંબોને ઉલ્લાસ અને આનંદપૂર્વક દિવાળી ઉજવી શકે તે હેતુથી રાશન અને અન્ય જરૂરી વસ્તુની કીટ અર્પણ કરવા માટેની તૈયારી પૂરજોશથી ચાલી રહી છે. શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનમાં હવે વિદ્યાર્થીઓ ન આવતા હોવાથી સમગ્ર બિલ્ડીંગને રિનોવેશન - સ્ટેજ નવા શૌચાલય સંકુલ વગેરે વિશેષ સુવિધાઓ ઊભી કરી જ્ઞાતિજનોને પ્રસંગો માટે વાપરવા આપી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સંકલન : શશીકાંતભાઈ કાનાણી, અમદાવાદ

## ધારી

શ્રી લોહાણા મહાપરિષદના ભૂતપૂર્વ પ્રમુખ તથા સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ અને ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ તથા ધારી સ્થિત લોહાણા ડ્રેસવાલા છાત્રાલયના સ્થાપક આજીવન મેનેજીંગ ટ્રસ્ટી સદ્‌ગત શ્રી હરિલાલ બી. ડ્રેસવાલાનું નામ સાપુતારા સ્થિત ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ કન્યા છાત્રાલય જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય મોરારીબાપુએ વર્ષ ૨૦૦૬માં કરેલ તેને ૧લી ઓક્ટોબરના નવરાત્રી એકમના શુભ દિવસે નામ આપવામાં આવ્યું. પદ્મભૂષણ શ્રીમતી પૂર્ણિમા અરવિંદ પકવાસા સ્મૃતિ મંદિર મુખ્ય ગેઈટ પર નામ તથા તેઓના જીવનદર્શનની ફોટો ગેલેરી તેઓના સાપુતારા સ્થિત નિવાસસ્થાને સમસ્ત પર્યટકો માટે ખુલ્લી મૂકવામાં આવી. ડાંગ વિસ્તારની આદિવાસી ૭૫૦ દિકરીઓને સુશિક્ષિત કરતી આ ૬થી ૧૨ના વર્ગો, સુંદર રમણીય ગુજરાતના એકમાત્ર હિલસ્ટેશન સાપુતારા મધ્યે ખુશનુમા વાતાવરણ વચ્ચે યોજાઈ હતી. વધતા જતાં ધર્મપરિવર્તનને ડામવા ૨૩ જેટલા કોમ્યુનિટી હોલમાં યુવાવર્ગ કાર્યરત છે. ૧૯૭૫માં ૧૫ દિકરીઓથી શરૂ થયેલ આ શાળાએ વિશાળ છાત્રાલયમાં રૂપાંતરીત કરી આધુનિક લેબ - કોમ્પ્યુટર રૂમ, પ્લે ગ્રાઉન્ડ, નર્સરી, ગૌશાળા તથા વિશાળ સભાગૃહ ઉપરાંત ચંદ્રિકાબેન ભગવાનજી જોબનપુત્રા ચિકિત્સાલય ધ્યાન ખેંચે છે. શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલાએ મુખ્ય સમારંભનું સંચાલન કર્યું હતું જેમાં મીરા રોડથી પધારેલ સ્વામી ચિદમ્બરાનંદજીએ આશીર્વાદ તથા બાળાઓને જીવનને સત્યની રાહે લઈ જવાનો સુંદર વાર્તાલાપ કર્યો હતો. પૂજ્ય દીદીના ચિરંજીવ શ્રી અનુજભાઈ પકવાસાએ આભારવિધિ કર્યા બાદ ભોજનને ન્યાય આપી સર્વે બીજા દિવસે છૂટા પડ્યા હતા.

સંકલન : ગિરીશભાઈ ડ્રેસવાલા

## જૂનાગઢ

શહીદ પાર્ક લાફીંગ ક્લબ ગિરનાર યોગ ફાઉન્ડેશન તથા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર આયોજિત ત્રિદિવસીય નિઃશુલ્ક શિબિર તા. ૨૨-૨૩-૨૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. યોગાચાર્ય શ્રી ઘોડાસરા સાહેબ તથા રમાબેને યોગ્ય માર્ગદર્શન આપી અલગ અલગ પ્રાણાયામો દ્વારા શરીરને શુદ્ધિકરણ કઈ રીતે થઈ શકે તેવા પ્રયોગો દર્શાવેલ બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત રઘુવંશી સખી સહીયર વૃંદ દ્વારા આયોજીત ઓપન જુનાગઢ રાસોત્સવનું ભવ્ય આયોજન તા. ૧૫-૧૦-૨૦૧૬ને શનિવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યાથી ૮.૦૦ વાગ્યા સુધી સમગ્ર જુનાગઢમાંથી શ્વેતવસ્ત્રધારી ભદ્ર સમાજના મહિલાઓ આરતીની થાળીઓ, ગરબા ને શણગારીને આવી પહોંચ્યા હતા. તા.૧૫-૧૦-૨૦૧૬ને શરદ પૂર્ણિમાને દિવસે ગાંધીધામ, મણિભુવન, રેલવે ફાટક સામે આ નિઃશુલ્ક દાંડિયા રાસ, ગરબા, આરતી તથા પુર્ણિમાના મહત્ત્વને જાણવા અને માણવા બહોળી સંખ્યામાં બહેનો જોડાયેલા, શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં લક્કી ડ્રોમાં ૧૫ ઈનામો આપવામાં આવેલ. ૧૨૫ મેમ્બરોને આકર્ષક ગીફ્ટ આપવામાં આવેલ તેમજ જ્યાં જલારામનું નામ હોય ત્યાં અલ્પાહાર તો હોય જ....

સંકલન : ચેતનાબેન મિશ્રાણી

## કોઠારા

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટનો બારમો સરસ્વતી સન્માન સમારંભ દિપકભાઈ માણેકના પ્રમુખસ્થાને યોજાઈ ગયેલ. સમારંભની શરૂઆત પૂ. દરિયાલાલ બાપાની ધૂનથી કરવામાં આવેલ. સરસ્વતી સન્માન સમારંભની શરૂઆત ઈનામ વિતરણના દાતાઓશ્રી શંકરભાઈ મડૈયાર, સમારંભના પ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓશ્રી લાલજીભાઈ ભગદે અને જાદવજીભાઈ આડઠક્કરના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. છગનલાલ કતિરા, વસંતભાઈ ચંદે, કાન્તીભાઈ ધીરાવાણી, વલ્લભદાસ ભગદે તેમજ મુંબઈ પધારેલ મહેમાનો રહ્યા હતા. સ્વાગત પ્રવચન અને પ્રસંગ પરિચય અનુક્રમે ખ્યાતિ ભગદે અને વૈદેહી સ્વાર કર્યું હતું. સૌ પ્રથમ જ્ઞાતિના ૫૧ જેટલા વડીલોનું માળા અને શાલથી સન્માન ગોરધનદાસ ભગદે, સુરેશ અનમ, કિશોર ભગદે વગેરેએ કર્યું હતું. વડીલ વય વંદનાના દાતા તરીકેનો લાભ માતૃશ્રી ઝવેરબેન લાલજી દનાણી પરિવારે લીધો હતો. આ પ્રસંગે શ્રવણ કાવડિયાના પાત્ર સાથે મા-બાપને ભૂલશો નહિનો ભજન ઓમ ધીરાવાણી અને તુલસીદાસ ધીરાવાણીએ રજૂ કર્યો હતો. ચાલુ વર્ષે સમાજના બે યુવાનો વિરલ રૂપારેલ અને જયમીન સ્વારએ એન્જીનીયરીંગની ડિગ્રી ધારણ કરતાં વિશેષ સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સમાજના ૯૨ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે તેમજ આશ્વાસન ઈનામો દાતાઓશ્રી શંકરભાઈ મડૈયાર, રતનશીભાઈ રૂખાણા અને દિપકભાઈ અરોરા તરફથી આપવામાં આવ્યા હતા.માતૃશ્રી મણિબાઈ મંગલદાસ પલણ પરિવાર હસ્તે પંકજભાઈ અને અતુલભાઈ તરફથી સમાજના દરેક વિદ્યાર્થીઓને

સુંદર રંગપેટી અને ફાઈલ ફોલ્ડરના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઈનામોનું વિતરણ વસંત કતીરા, મુરજીભાઈ મામોટિયા, દામોદર ચગસોતાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમની વ્યવસ્થા તથા આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ શ્રી શંભુભાઈ કતિરા, કેવલ ધીરાવાણી, હિમાંશુ ગેસોતા અને ભાવેશ સોનાઘેલા વગેરે સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ ભગદેવ અને તુલસીદાસ ધીરાવાણી ''દાસ''એ પોતાની કચ્છી શૈલીમાં સંભાળી ખુશ કર્યા હતા.

સંકલન : દીપકભાઈ માણેક

**કલકત્તા**

શ્રી રઘુવંશી મહિલા ફોરમ દ્વારા તા. ૧૯-૧૦-૨૦૧૬ના રોજ લ્હાણીના ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૨.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રીમતી ભાવનાબેન રાચ્છ તથા જ્યોતિબેન રાજા, ભારતીબેન ઠક્કર અને કવિતાબેન કોટેચા દ્વારા દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું. બહેનો પર્વ અનુસાર વસ્ત્ર પરિધાનમાં ઉપસ્થિત રહ્યા હતા. માતાજીની આરતી કરવામાં આવી હતી ત્યારબાદ સાથી સંગીતકારો દ્વારા ગરબાની રમઝટથી માહોલ ગુંજી ઊઠ્યો હતો. હાજર રહેલા બહેનોએ ઉત્સાહભેર રાસ-ગરબા રમવાનો લાભ લીધો હતો. માટીના દિવડાની સજાવટ તથા રંગોળી પ્રતિયોગિતાને પણ સુંદર પ્રતિસાહ મળ્યો હતો. વિવિધ પ્રકારની પ્રતિયોગિતાના વિજેતાને પુરસ્કાર દ્વારા નવાજવામાં આવ્યા હતા. હાજર રહેલ દરેક બહેનોને સુંદર લ્હાણી ભેટરૂપે આપવામાં આવી હતી. અંતમાં સ્વાદિષ્ટ અલ્પાહારનો આસ્વાદ માણી સહુ છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવંશી મહિલા ફોરમની કાર્યવાહી સમિતિના સર્વે સભ્યો તરફથી પૂર્ણ સહયોગ તથા સમર્થન મળ્યા હતા.

શ્રી રઘુવંશી કલ્ચરલ કલબ કલકત્તા દ્વારા નવરાત્રિ મહોત્સવનું સફળતાપૂર્વક આયોજન બાદ શનિવાર તા. ૧૫-૧૦-૨૦૧૬ના રોજ શ્રી શરદોત્સવ ઉત્સવનું શ્રી કલકત્તા લોહાણા મહાજન વાડીના વાતાનુકુલ સભાખંડમાં કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કલકત્તા લોહાણા મહાજનના ટ્રસ્ટી તથા શ્રી લોહાણા મહાપરિષદના રવિન્દ્રભાઈ વાઘાણી તથા રઘુવંશી કલ્ચરલ કલબના પ્રમુખ શ્રી મનહરલાલ માણેક દ્વારા મંગળદિપ પ્રગટાવી શરદોત્સવનું શુભારંભ કરેલ. આ પ્રસંગે છેલ્લા ૪૫ વર્ષો સેવા આપનાર શ્રીમતી સુશીલાબેન માણેકનું શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી દ્વારા શઆલ ઓઢાડી તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી શ્રી કિશોરભાઈ રાજાનું પણ શાલ ઓઢાડી તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવરાત્રિ દરમિયાન સેવા આપનાર દરેક કલાકાર ભાઈ-બહેનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર રહેલ ભાઈઓ તથા બહેનોએ રાસ ગરબાનો આનંદ માણ્યો હતો અને અંતે સૌ પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

સંકલન : કિશોરભાઈ દત્તાણી

**અમદાવાદ**

પૂજ્ય જલારામ બાપાની ૨૧૭મી જન્મ જયંતિ નિમિત્તે અમદાવાદ ખાતે જલારામ સત્સંગ મંડલ - ખમાસા, અમદાવાદ હા. ઘો. ક. લોહાણા મહાજન, ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ, શ્રી પારકર લોહાણા મહાજન - અમદાવાદ, શ્રી અમદાવાદ પૂર્વ લોહાણા સમાજ દ્વારા પૂજ્ય જલારામ બાપાની પૂજા અર્ચન નિધિ તથા સમૂહ ભોજનનું તા. ૭-૧૧-૨૦૧૬, સોમવારના રોજ આયોજન થયું હતું. જેમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના હિંમતભાઈ કોટક, અંજનભાઈ કોટક, હર્ષદરાય ઠક્કર, રઘુવીરભાઈ ગઢિયા, જીતુભાઈ કારીયા તથા અન્ય હોદ્દેદારોએ વિશેષ હાજરી આપી હતી.

સંકલન : સંજય ઠક્કર (સહમંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ)

**નોંધ**

દેશ-વિદેશમાં પૂજ્ય જલારામબાપાની ૨૧૭મી જન્મજયંતિ ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ જેનો વિગતવાર અહેવાલ પ્રાપ્ત થઈ આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

# શાબાશ રઘુવંશી



ગત શિક્ષકદિને તા. ૫-૯-૨૦૧૬ના રોજ **શ્રી જીજ્ઞાબેન કૃષ્ણકાંતભાઈ ઠકરાર**નો ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ તરફથી જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત થયો હતો. તેઓ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં વસે છે અને હાલ અમરેલીના જ ખાંભા તાલુકાના વાંકિયા મુકામે સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવે છે. તેમની શિક્ષણ તથા સમાજ પ્રત્યેની સેવા ખુબ ઉમદા છે. શિક્ષણક્ષેત્રે શિક્ષણ ઉપરાંત લેખનકાર્યથી પણ અમૂલ્ય ફાળો નોંધાવ્યો છે. શ્રી જીજ્ઞાબેન ઠકરારને માતૃસંસ્થાની ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન....




ભારત વર્ષના રઘુવંશી એવા **શ્રી જિતેશ ગઢીયા** બ્રિટનમાં હાઉસ ઓફ લોર્ડસમાં સ્થાન પામી સૌથી નાની વયના આ પદવી ધારક બન્યા છે. હાઉસ ઓફ લોર્ડસના સભ્યોની સરેરાશ ઉંમર ૬૯ વર્ષની છે, જ્યારે ૪૬ વર્ષીય જિતેશ ગઢીયા રૂગવેદની રૂચાઓ ઉપર ખૂબ સારુ ધ્યાન ધરાવે છે અને ટીપૂ સુલતાનની તલવાર લંડનના મ્યુઝિયમમાંથી ભારત પાછી લાવવા માટે ખબૂ જ મહત્વની ભૂમિકા ભજવી હતી. શ્રી જિતેશ ગઢીયાને માતૃસંસ્થાની ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન.




ગુજરાત ટુરીઝમ દ્વારા વર્ષ ૨૦૧૬ માટે ગુજરાતની સર્વશ્રેષ્ઠ રેસ્ટોરન્ટ તરીકે હોટલ પતંગની પસંદગી થયેલ છે. અમદાવાદની ઓળખ સમી પતંગ સાબરમતીના કિનારે આવેલુ નવલું નજરાણું છે. જેનું સુંદર સંચાલન **સુશ્રી રિટાબેન ઉમંગભાઈ ઠક્કર** કરી રહ્યા છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સુશ્રી રિટાબેન ઉમંગભાઈ ઠક્કરને ખૂબ ખૂબ અભિનંદન.



ગુજરાત ટુરીઝમ દ્વારા વર્ષ ૨૦૧૬ માટે ગુજરાતની સર્વશ્રેષ્ઠ ૫ સ્ટાર હોટલ તરીકે રેડિશન હોટલ - ગાંધીધામ, કચ્છની પસંદગી થયેલ છે. જેનું સુંદર સંચાલન **શ્રી મુકેશભાઈ ભાવેશભાઈ આચાર્ય** દ્વારા થઈ રહ્યું છે.માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રી મુકેશભાઈ ભાવેશભાઈ આચાર્યને ખૂબ ખૂબ અભિનંદન.

# જલારામ રથયાત્રા






સમગ્ર જગતને સદાવ્રત અને રામરોટીનો સંદેશ આપનાર સંત શિરોમણિ ભક્ત શ્રી જલારામબાપા દ્વારા વિરપુરમાં અન્નક્ષેત્ર શરૂ કર્યાને ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે અન્નક્ષેત્રની સાથે સાથે પૂ.જલારામબાપાની ભવ્ય રથયાત્રાના આયોજન માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સંકલ્પ કરવામાં આવેલ છે. તા.૨૪, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ નવી મુંબઈ મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં જાહેર કર્યા મુજબ આ રથયાત્રામાં તમામ વિસ્તારમાં મહાજનો તથા સંસ્થાઓ ખુબ ઉત્સાહથી જોડાશે. રઘુવંશીઓની રાજધાનીસમા શહેર રાજકોટથી આ રથયાત્રાનો શુભારંભ કરી જલારામધામ વિરપુર તેમજ ત્યારબાદ સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ તથા દક્ષિણ ગુજરાત થઈ આ રથયાત્રા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના અમદાવાદના કાર્યાલય પર થઈ ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે  સમાપન સમારોહમાં ફેરવાશે. ગુજરાતમાં સમાપન થઈ ત્યારબાદ આ પ્રકારનું આયોજન અન્ય રાજ્યો / વિભાગોમાં માતૃસંસ્થા શ્રી લાહોણા મહાપરિષદના વરિષ્ઠ તથા વિભાગીય હોદ્દેદારોના સંકલન તથા સહયોગથી કરી શકાશે. આ રથયાત્રા અંગેનો વિગતવાર રૂટ કાર્યક્રમ તથા અન્ય જરૂરી માહિતીઓ આગામી રઘુકુળ વિશ્વમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રામરોટી અને અન્નક્ષેત્રનો સંદેશ સમગ્ર જગતમાં ફેલાવનાર પૂ.જલારામબાપાના આશીર્વાદ મેળવવા માટે શ્રી લોહાણા મહાપરિષદ તથા રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ ગરીબ અને દિનદુખિયા લોકો સુધી અન્ન પહોંચે અને અન્નનો ક્યાંય બગાડ ન થાય તે માટે રથયાત્રાના માધ્યમથી એક વિશેષ સંદેશ તમામ સમાજની સંસ્થાઓ સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ બની છે. આ રથયાત્રા સમગ્ર ગુજરાતમાં એકાદ મહિના જેટલો સમય ભ્રમણ કરશે જેમાં પૂ.જલારામબાપાના વિશેષ દર્શન, અખંડ ધૂન માટે વિશેષ વાહન, પૂ.જલારામબાપાના પ્રસાદરૂપે ખીચડીનું સતત વિતરણ તથા શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરવા માટે વિશેષ વાહન ઉપરાંત સમાજ સશક્તિકરણ માટે જરૂરી રક્તદાન, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ માટે સંકલ્પો, પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ જેવા પ્રકલ્પો ઉપર જનસામાન્યને પ્રોત્સાહિત કરવા પણ વિશેષ ટેબ્લોઈડ દ્વારા રથયાત્રાને સજ્જ કરવામાં આવશે.  આ રથયાત્રાના સફળ આયોજન માટે એક વિશેષ કમિટીની રચના કરી તેની વિગતવાર માહિતી આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. રથયાત્રાને ગરિમાસભર બનાવવા માટે મહાજનશ્રીઓના હોદ્દેદારો દ્વારા પણ સુંદર સહયોગ અને સૂચનો આવકાર્ય છે. પૂ.જલારામબાપા આપણને સૌને શક્તિ અને શુભભાવના પ્રદાન કરે તેવી અનન્ય શ્રદ્ધા સાથે સૌને જય જલારામ.

હિમાંશુ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા — મંત્રીઓ

હિંમતભાઈ કે. કોટક/નીતીનભાઈ જી. પાંધી — ખજાનચીઓ



**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th November 2016




**Head Office**
202,3rd Eye II, Above Mc Donald's, Panchwati Cross Road, Ahmedabad - 380 006, Gujarat, India

**Dubai Office**
Bur Dubai, Dubai, U.A.E. (P. O. Box: 44103)

Ph. - + 91 79-3007 0000 ,+91 79- 2646 3010/ 11/12 Toll Free - 1800 121 0030

Email Id : Info@worldtradetours.com | Web : www.worldtradetours.com

**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Tarun Dattani

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)